
# કલોલના બે બિલ્ડર ગ્રુપને ત્યાં ઈન્ટકમટેક્ષના દરોડા

## બાટા અને કમલા અમૃત ગ્રુપની ઓફીસો અને માલિકના બંગલાઓમાં ૧૫ ટીમોએ સર્ચ ઓપરેશન કરી એસેસમેન્ટ કર્યુ : કલોલ બિલ્ડર લોબીમાં ફફડાટ







કલોલ, તા.૬

કલોલમાં સ્થિત બે મોટા બિલ્ડર્સ ગ્રુપને ત્યાં આજે વહેલી સવારે ઈન્કમટેક્ષ વિભાગે દરોડા પાડતા બિલ્ડર લોબીમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. સવારે સાત વાગ્યાથી ઈન્કમટેક્ષની ૧૫ ટીમો બંને બિલ્ડર્સની ઓફિસ અને બંગલાઓના સર્ચ ઓપરેશનમાં લાગી ગઈ હતી. મોડી રાત સુધી આઈ.ટી.ની ટીમ દ્વારા એટ્રોસમેન્ટ સહીતની કામગીરી ચાલુ હોવાથી કાળા નાણાંની રકમ સ્પષ્ટપણે બહાર આવી શકી નથી.

ઉલ્લેખનીય છે કે બાટા ગ્રુપ અને કમલા અમૃત ગ્રુપને ત્યાં આઈ.ટી.ના દરોડાના સમાચારાથી કલોલના અન્ય બિલ્ડરોએ પોતાની ઓફીસમાં સટોસટ તાળા મારી દીધા હતાં.

ઈન્કમટેક્ષ ગાંધીનગર દ્વારા આજે વહેલી વારે કલોલમાં બે બિલ્ડર ગ્રુપને ત્યાં દરોડા પાડયા હતાં. એક સાથે વિભાગમાંથી નીકળેલી ૧૫ ટીમોએ કલોલ બાટા ગ્રુપ (ભરત ત્રિભોવનદાસ પટેલ) અને કમલા અમૃત ગ્રુપને ત્યાં દરોડા પાડયા હતાં. બંને ગ્રુપની ઓફીસ તથા બંગલાઓમાં ઈન્કમટેક્ષની ટીમોએ સર્ચ ઓપરેશન કરીને દિવસભર એસેસમેન્ટ કર્યું હતું. મોડી રાત સુધી બંને બિલ્ડર ગ્રુપને ત્યાં આ કામગીરી ચાલુ રહી હતી. તેમની પાસેથી જેટલું કાળું નાણું મળી આવ્યું તે આંકડો હજુ સુધી સ્પષ્ટ થઈ શકયો નથી. કરોડો રૂપિયા બિનહિસાબી મળી આવે તેવી શકયતાને નકારી શકાય નહીં. ઈન્કમટેક્ષના દરોડા અંગે અન્ય બિલ્ડરોને જાણ થતા તેઓ પોતાની ઓફીસ અને બંગલે તાળા મારીને નીકળી ગયા હતાં. સંપૂર્ણ એસેસમેન્ટ બાદ કેટલું કાળું નાણું બંને બિલ્ડર્સને ત્યાંથી મળી આવ્યું તે જાહેર થશે તેમ ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### કંપની સમાચાર

## ઈગલ ડાયરીઝ રજૂ કરે છે વર્ષ ૨૦૧૩ માટે 'પોપ્યુલર' ઓર્ગેનાઈઝર


ડાયરી વિશ્વમાં ટોચનું નામ એવી ઈગલ ડાયરીઝ દ્વારા વર્ષ ૨૦૧૨ માટે 'પોપ્યુલર' ઓર્ગેનાઈઝર રજૂ કરવામાં આવી છે. ૨૨૦ મીમી X ૧૬૦ મીમીની સાઈઝમાં સુંદર રીતે ડિઝાઈન કરેલા ઓર્ગેનાઈઝર રૂા. ૫૯૪ ની કિંમતમાં ઉપલબ્ધ છે. વધુ માહિતી ૯૯૨૪૧ ૭૪૭૨૦૫૨ સંપર્ક કરી શકાય છે.

ઉચ્ચત્તમ ગુણવત્તાના ધોરણોને અનુરૂપ આ પ્રૉડક્ટમાં હાઈ બ્રાઈટ મેપલિથો વ્હાઈટ પેપર વાપરવામાં આવ્યો છે. છ રીંગ મેટલ ક્લીપ બાઈન્ડર ધરાવતા ઓર્ગેનાઈઝરમાં આઠ સેક્શન્સ અને મેગ્નેટીક બટન લોક છે. ઓર્ગેનાઈઝરમાં પર્સનલ ડેટા, યર પ્લાનર-૨૦૧૨, પ્રૉજેક્ટ પ્લાનિંગ, પ્રોજેક્ટ રિસોર્સિસ, ખર્ચાઓ, રોજિંદી દિનચર્યાઓ, નોટ્સ, ટેલિફોન ઈન્ડેક્સ વગેરેમાં સેક્શન્સ પણ છે.

## જીએસએફસી ખાતે ગુજરાતમાં રમાનારી ૬ઠ્ઠી બેડમિન્ટન ટુર્નામેન્ટ

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડના સૌજન્યથી તા. ૬ નવેમ્બર, ૨૦૧૨ થી તા. ૯ નવેમ્બર, ૨૦૧૨ દરમિયાન ફર્ટીલાઈઝર ખાતે ૬ઠ્ઠી ગુજરાત મેજર રેન્કીંગ બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત બેન્ડમિન્ટન એસોસિએશનના માનદ્ મંત્રીશ્રી એસ.ટી. દેસાઈનાં જણાવ્યા મુજબ આશરે ૨૫૦ જેટલી એન્ટ્રીઓ ભાગ લેવા માટે આવી ચૂકી છે. જેની મેચ તા. ૬.૧૧.૨૦૧૨ ના રોજ રમાશે અને તા. ૭.૧૧.૨૦૧૨ થી મુખ્ય ડ્રો મેચ શરૂ થશે. જીએસએફસીના જનરલ સ્પોટ્સ એસોસિયેશનના પ્રમુખ શ્રી એસ.પી. શાહે જણાવ્યું હતું કે આ ટુર્નામેન્ટ્સમાં ભાગ લેનારા તમામ ખેલાડીઓને સારામાં સારી સવલતો આપવાનાં પૂરા પ્રયત્નો જીએસએફસી કરશે. જીએસએફસી તમામ પ્રકારની રમતોને પ્રોત્સાહન આપવા કટિબધ્ધ છે.

## શબ્દાવલી - ૪૮૯૧



**આડી ચાવી**

૧. ભવાડો, અપકીર્તિ (૩)
૩. દિવાલ, સ્વૅટર (૨)
૬. કેદખાનું, કારાવાસ (૨)
૭. આપકમાઈ (૫)
૯. સંપૂર્ણ ભીનું (૨)
૧૧. લીકેજ, હદ, પ્રથા (૨)
૧૨. દારૂની એક જાત (૨)
૧૩. મુખ, ચહેરો (૩)
૧૪. ઉત્સવ, પ્રસંગ (૪)
૧૫. 'નર' શબ્દ ઊંધો (૨)
૧૬. પ્રતિધ્વનિ, ધર્મનાં હુકમ (૩)
૨૦. શુકનમાં સાકરનું પડીકું આપે તે (૨)
૨૧. અપશબ્દ (૨)
૨૨. ઓડકાર (૩)

**ઊભી ચાવી**

૧. ચકડોળ (૬)
૨. જેલનો વ્યવસ્થાપક (૩)
૩. જમીન કે પર્વતમાં ઊંડો પહોળો ખાડો કે બખોલ (૩)
૪. બૅગ, સુટકૅશ (૨)
૫. બાયસિકલ (૪)
૭. શ્રમ, જાતે કરેલ શ્રમ (૬)
૮. શેઠ, ધણી (૩)
૧૦. નોકરીમાંથી કાઢી મુકેલ (૫)
૧૩. પ્રવાહી, દવા (૩)
૧૭. ડપકા, બેસનનું ચણાના લોટનું શાક (૩)
૧૮. ઘોડા રાખવાની જગ્યા (૩)

### શબ્દાવલી ૪૮૯૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) શબવાહિની (૫) કફ (૭) કોલસો (૮) જગજોણુ (૧૦) રૂંવા (૧૨) ડર (૧૩) નજરાણું (૧૫) મલી (૧૯) માખ (૨૧) લોપ (૨૩) ક્ષમાયાચના (૨૫) રબ્બર (૨૬) રીના રોય

**ઊભી ચાવી :-** (૧) શકોરૂં (૨) બલવાન (૩) વાસો (૪) નીજ (૫) કજોરમ (૬) ફણુ (૯) ગડ (૧૧) જરા (૧૪) જન્માક્ષર (૧૬) લીસુ (૧૭) પડકાર (૧૮) આલોચના (૨૦) ખમા (૨૨) પનારો (૨૪) યારી

# ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ૧૮૨ બેઠકો માટે ત્રણ નામોની પેનલ યાદીને આખરી ઓપ આપવા કવાયત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર ખાતે આજથી ભાજપ પ્રદેશ હોદ્દેદારો અને પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોની બેઠકનો દોર શરૂ થવા પામ્યો છે. જેમાં ૧૮૨ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી માટે પેનલ યાદીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભાની ૧૮૨ બેઠકોના ઉમેદવારોની પસંદગી માટે અમદાવાદમાં સળંગ પાંચ દિવસ સુધી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની મેરેથોન બેઠક મળી હતી. જેમાં તમામ જિલ્લાના આગેવાનો જિલ્લા નિરીક્ષકો અને જિલ્લા પ્રભારી મંત્રી પાસેથી વિધાનસભા બેઠક દીઠ સંભવીત ઉમેદવારોના નામો અંગેના સ્થાનિક કક્ષાએથી મેળવેલા સેન્સ સહિતના અહેવાલ મેળવ્યા હતા.

અને ત્યાર બાદ આ આગેવાનો સાથે બેઠકવાર સંભવિત ઉમેદવારોના નામો અંગે પરામર્શ કરીને તેમનો અભિપ્રાય મેળવીને ચાર નામોની પેનલ યાદીઓ તૈયાર કરવામાં આવી હતી.

પાંચ દિવસ ચાલેલી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં દરેક બેઠક દિઠ ઉમેદવારોની પેનલ યાદી તૈયાર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ હવે માત્ર પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોની બેઠકનો દોર શરૂ તવા પામ્યો છે.

ગાંધીનગર ખાતે આજથી શરૂ થયેલી બેઠકમાં તમામ વિધાનસભા બેઠક પરના સંભવીત ઉમેદવારોના નામો પર રાજકીય અને જ્ઞાતિ સમીકરણોને ધ્યાને લઈ ચર્ચા કરીને ત્રણ નામોની આખરી પેનલ યાદી તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કેટલીક બેઠકો પર માત્ર એક જ નામ આવ્યું છે તો કેટલીક બેઠક પર માત્ર બે નામો જ છે. આ બેઠકો પર આવેલા નામો પર ચર્ચા કરીને પસંદગીનો કળશ ઢોળવો કે અન્ય નામો શોધવા એ અંગે પણ ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

મળતી વિગતો અનુસાર સતત ત્રણ દિસ પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોની બેઠક મલનાર છે અને ૧૮૨ બેઠકો માટેના ત્રણ નામોની આખરી પેનલ યાદી તૈયાર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

દિવાળી પહેલા પ્રદેશ અધ્યક્ષ સંભવીત ઉમેદવારોની પેનલ યાદી લઈને દિલ્હી જશે અને મોવડીમંડળને આ યાદી સુપરત કરશે. અને મોવડીમંડળ આખરી ઉમેદવારની પસંદગી કરીને નામોની યાદી દિવાળી બાદ જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# પ્રાથમિક શાળાના શિક્ષકો માટે સાડા ચાર વર્ષનો કોર્સ

## પીટીસી સાથે સંકળાયેલા બધા કર્મચારીઓ દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવ્યો : શિક્ષણમંત્રીને રજૂઆત કરાશે

અમદાવાદ, તા. ૬

પ્રાથમિક શાળાના શિક્ષક બનવા માટે આમ તો ૨ વર્ષનો પીટીસી કોર્સ અસ્તિત્વમાં છે. જો કે સરકાર હવે પ્રાથમિક શાળામાં શિક્ષક બનવા માટે સાડા ચાર વર્ષનો ડિગ્રી કોર્સ લાવવાની તૈયારીઓ કરી રહી છે. પરંતુ આ કોર્સને લઈને અનેક શંકા-કુશંકાઓ ઉભી થઈ હોવાથી હાલમાં આ ફાઈલ સરકારમાં મંજૂરી માટે પડી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આ સાડા ચાર વર્ષનો ડિગ્રી કોર્સ શરૂ થનાર છે જેનું નામ બેચરલ ઓફ એલિમેન્ટરી એજ્યુકેશન નામ અપાયેલ છે.

આ કોર્સ ચાર વર્ષનો હશે અને છ માસની ઈન્ટર્નાશિપ હશે. જાણકારોના જણાવ્યા મુજબ આ સાડાચાર વર્ષના ડિગ્રી કોર્સ શરૂ કરવા જીસીઈઆરટી દ્વારા કવાયત હાથ ધરાઈ છે. જોકે આ કોર્સને લઈને પીટીસી સાથે સંકળાયેલા લોકો આને ભારે વિરોધ પણ કરી રહ્યા છે. અને આ કોર્સને મંજૂરી ન મળે તે માટેના પ્રયાસો હાથ ધરાયા છે. અને શિક્ષણ મંત્રી આ અંગે આગામી દિવસોમાં રજૂઆત પણ કરાશે એમ સૂત્રો જણાવી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાં સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી અને ડાયેટ એમ ચાર પ્રકારે પીટીસી કોલેજો ચાલે છે. જેમાં ગુજરાતમાં આવેલ ૨૫ ડાયેટ દ્વારા પણ પીટીસીનો અભ્યાસ કરાવાય છે. આજે આમ જોઈએ તો ડાયેટના કર્મચારીઓને ગુજરાત સરકારના ગ્રેડ મુજબ પગાર મળે છે. પરંતુ જો પીટીસીનો આ નવો કોર્સ શરૂ થાય તો તેમને યુજીસી મુજબનું પગાર ધોરણ મળતું થાય અને તેમનો પગાર સીધો વધી જાય તેમ હોવાથી આ પેરવી હોવાનો સીધો આક્ષેપ પીટીસી સાથ સંકળાયેલ સૂત્રો જણાવી રહ્યા છે.

# ૨૪ કિલો સોનુ પરત મેળવવા માટે હવે કંપનીએ અરજી કરી

અમદાવાદ,તા.૬

શહેરના નારણપુરા વિસ્તારમાં પડી ગયેલા ૨૫ પૈકી ૨૪ કિલો સોનું ગેરેજના માલિક સહિત નવ વ્યક્તિઓએ પરત કર્યુંહતુ. પરંતુ એક કિલો સોનુ ન મળતા સોનુ પરત આપનાર નવ વ્યક્તિઓ સામે જ પોલીસે ગુનો નોંધી તેમની ધરપકડ કર હતી. બીજી તરફ સોનુ લઈ જનાર સિક્યુરીટી કંપનીના મેનેજરે ૨૪ કિલો સોનુ પરત મેળવવા માટે મેટ્રોપોલિટન કોર્ટમાં અરજી કરી છે જેની સુનવણી આગામી ૨૭ નવે.ના રોજ યોજવા આદેશ મેજિસ્ટ્રેટે કર્યો છે.

સિક્યુરિટી ટ્રન્સ કંપનીના મેનેજર બકુલ નરેન્દ્ર મહેતાએ કોર્ટમાંથી ૨૪ કિલો સોનુ પરત મેળવવા માટે અરજી કરી છે. જેમાં તેણે જણાવ્યું છે કે, અમારી કંપનીની કામગીરી જુદી જુદી બેન્કની રોકડ તથા કિંમતી મુદ્દામાલ લઈ જવાની જવાબદારી છે. આ સોનું પણ અમારી જવાબદારીના ભાગ રૂપે જ મુંબઈ લઈ જવાનુંહતુંજેથી તેની કસ્ટડી અમને સોંપવી જોઈએ. બીજી તરફ આરોપીઓને હાજર રહેવા મામલે પણ આજે મુદત હતી પરંતુ તેઓ હાજર ન રહેતા તેમના એડવોકેટ સંદીપ ક્રિષ્ટીએ મુદત અરજી આપી જણાવ્યું હતુ કે, તેઓ બહાર ગામ ગયા હોવાને કારણે આવી શક્યા નથી. જો કે, આગામી મુદતમાં તેઓ હાજર રહેશે. કોર્ટે તેમની અરજી ગ્રાહ્ય રાખી છે.

# રાજ્ય મંત્રીમંડળની આજે મળનારી બેઠકમાં રાજકીય પરિસ્થિતિની ચર્ચા કરાશે

ગાંધીનગર, તા. ૬

રાજ્યમંત્રીમંડળની આવતીકાલે મળનારી બેઠકમાં વિધાનસભા મત વિસ્તારોમાં શું રાજકીય પરિસ્થિતિ છે અને સરકારની કામગીરીને લઈ પ્રજામાં કેવી લાગણી છે એ અંગે સમીક્ષા કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર-૨૦૧૨માં યોજાનારી છે. આ ચૂંટણી નવા સિમાંકન પ્રમાણે યોજાનારી હોઈ રાજ્યના મોટા ભાગના વિધાનસભા મત વિસ્તારમાં રાજકીય અને જ્ઞાતિ સમીકરણો બદલાવા પામ્યા છે. ગુજરાતમાં છેલ્લા ૧૭ વર્ષથી ભાજપનું શાસન છે. તેમાં છેલ્લા દસ વર્ષથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારનું શાસન છે. વર્તમાન સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન અનેક વિકાસ કામો કરવામાં આવ્યા છે.

રાજ્યના જિલ્લા પ્રભારી મંત્રીઓને તાજેતરમાં રાજ્યના વિધાનસભા મત વિસ્તારમાં રાજ્ય સરકારની કામગીરીને લઈને પ્રજામાંથી કેવો પ્રતિભાવ છે. રાજ્ય સરકાર સામે વિપક્ષ દ્વારા શરૂ કરવામાં આવેલા પ્રચાર અંગે કેવો પ્રતિભાવ છે એ અંગેની વિગતો મેળવીને વિધાનસભા મત વિસ્તારમાં ભાજપ માટે કેવુ વાતાવરણ છે તેનો અહેવાલ આપવા માટેની જવાબદારીઓ સોંપવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે રાજ્યમંત્રીમંડળની અનૌપચારિક બેઠક મળનારી છે. આ બેઠકમાં વિધાનસભા મતવિસ્તારોમાં વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે તેમજ વિપક્ષ કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટી અંગે પ્રજામાં કોની કેટલી અસર છે તે અંગેની સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# અમદાવાદ જિલ્લામાં કુલ ૪૫ લાખને ઓળખપત્ર મળી ગયા

અમદાવાદ, તા. ૬

ગુજરાત વિધાનસભાની માહે ડિસેમ્બર ૨૦૧૨માં યોજાનાર સામાન્ય ચૂંટણીમાં મતદારો પોતાની ફરજ ચોક્કસ રીતે અદા કરી શકે તથા યુવાનો -મહિલા મતદારો મોટી સંખ્યામાં મતદાન કરી શકે તે માટે મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત જયશંકર સુંદરી હોલ, રાયખડ, અમદાવાદ મુકામે મતદાર જાગૃતિ અભિયાનનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર વિજય નહેરાએ ઉપસ્થિત સૌ શિક્ષકગણને પોતાના મતદાન અધિકારની પવિત્ર ફરજ બજાવી, પોતે મતદાન કરવા તથા અન્ય લોકોને પણ મતદાન કરવા માટે પ્રેરિત કરવા વિગતવાર સમજ આપી હતી. સાથે સાથે જિલ્લામાં શિક્ષણ વિભાગના કર્મચારીઓ/અધિકારીઓની મદદથી ૪૫ લાખ જેટલા મતદાતાઓને મતદાન ઓળખપત્ર પહોંચાડવાની ભગીરથ કામગીરી પુર્ણ કરેલ હતી તેમ જણાવ્યું હતું. ચીફ નોડલ ઓફીસર તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ. જે. શાહ મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત મતદાન અંગેની વિગતવાર જાણકારી આપી હતી. અને ઉપસ્થિત તમામને પોતે મતદાન કરવા તથા અન્યને મતદાન કરવા માટેના શપથ લેવડાવ્યા હતા. તેમજ શિક્ષણ વિભાગ દ્વારા ચૂંટણી અંગેની ફરજો માટેની કામગીરીને બિરદાવી હતી. કાર્યક્રમમાં જિલ્લાના અન્ય અધિકારીઓ, જિલ્લા શિક્ષણાધિકારી (શહેર), (ગ્રામ્ય), જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ શાસનાધિકારી મ્યુનિસિપલ કોર્પોરેશન, તેમજ મોટી સંખ્યામાં શિક્ષક ભાઈઓ તથા બહેનો હાજર રહ્યા હતા.

વળતર... વળતર વળતર...
ગાંધી જયંતિ અને દિવાળીના તહેવારો નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષમાં ફક્ત એક જ વખત તદ્દન નવી વેરાયટી નવા સ્ટોક સાથે
સ્પે. ઑફર 20% ડિસ્કાઉન્ટ પડદાના કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૧-૨૦૧૨ સુધી
તેમજ હેન્ડલુમની તદ્દન નવી વેરાઈટીઓ, ટેરી ખાદી, પોલીસ્ટર ખાદી, કોટન ખાદી, ચાદર, ટુવાલ, લુંગી, આસનપટ્ટા, શેતરંજી, ચોરસા, સોફાબેક, ડ્રેસ મટીરીયલ્સ તેમજ હેન્ડલુમની અન્ય વેરાઈટી ઉપર ખાસ 10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ — દુ.નં.૧૬, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન : ૨૩૨ ૨૫૧૧૦
સર્વોદય હેન્ડલુમ — પ્લોટ-૨૧૭, દુ.નં.૧૪, શાકમાર્કેટ પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર ફોન : ૨૩૨૩૦૩૧૦
રવિવારે શો-રૂમ ચાલુ છે

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

SANGHI CEMENT | KisaN | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI | BENELAVE | DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ